


દર્શકઃ
પ્રશાન્ત ઘનશ્યામ-જમુના દેસાઈ

રત્ન
૨

# Yamunām Namāmi

based on

Yamunāṡhtakam

of

Pujya Shrï Vallabhāchārya

Written & published by

Prashant Desai

Dipt.me

e-publication

April 12, 2025

મૂલ્યઃ સહયોગ–સેવા

સંપર્કઃ usha.dipt@gmail.com

© Prashant Desai

All Rights Reserved.

Without the prior written permission of the publisher,

This book may not be reproduced or sold in any form.

Email: usha.dipt@gmail.com / Visit at: www.dipt.me

हरिॐ नमो भगवते श्रीकृष्णाय वासुदेवाय

શ્રીવલ્લભાચાર્યવિરચિતમ્

# ॥ યમુનાષ્ટકમ્ ॥

આધારિત

શ્રીવલ્લભ સાહિત્યમાળા : રત્ન – ૨

# યમુનાં નમામિ

મૂળ શ્લોક   પદચ્છેદ   અન્વય   યથાર્થ ભાષાંતર
પદ્ય ભાષાંતર   તાત્પર્ય

દર્શક : પ્રશાંત ઘનશ્યામ–જમુના દેસાઈ

## પ્ર.લેખ

યમુનાષ્ટક એ આચાર્ય શ્રીવલ્લભના "પુષ્ટિ દર્શન"નું સ્તોત્ર છે. તેમના મતે ભક્તના જીવનમાં, કર્મથી કે તપથી, યોગથી કે સેવાથી, જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે અને કોઈ જ્ઞાનીનું જીવન, પ્રભુકૃપાથી ભક્તિપૂર્ણ થાય ત્યારે, પુષ્ટિ થઈ એમ કહેવાય. પુષ્ટિ એટલે પોષણ, વૃદ્ધિ અને સ્વીકાર. વલ્લભાચાર્ય સુરધુની.. સુરનદ્ય.. ગંગાસાગર પર બેઠા હશે અને આ જ્ઞાનરૂપી ગંગા અને ભક્તિરૂપી યમુના, બન્નેનું મિલન સમાધિમાં અનુભવ્યું હશે, તેનું આ દર્શન સૌ સમક્ષ છે.

જ્યારે જ્ઞાનની જ બોલબાલા હતી તે કાળે, યમુનાજીનું.. ભક્તિનું નિરૂપણ કરતાં વલ્લભાચાર્ય કહે છે, ગંગાજીને.. જ્ઞાનને હવે સાચી પુષ્ટિ મળી. જાણે જ્ઞાન પણ પોતાને અધુરું સમજતું હતું, ભક્તિને મળીને પૂર્ણ થયું!

જેમનાં જીવનમાં જ્ઞાન–ભક્તિનો સંગમ થાય છે, તે બ્રહ્મસ્થ થાય છે અને તેમનું જીવન સ્વયં ભગવાન સ્વીકારી લે છે, તે પુષ્ટિ છે.. સ્વીકૃતિ છે. આચાર્યશ્રીની તે સ્વયં પ્રતીતિ.. અનુભૂતિ છે. તેઓશ્રી પ્રકૃતિપ્રેમી તો છે જ, યમુનાનાં રમણીય સ્થળોનું કવિકલ્પિત વર્ણન મળે છે, સાથે તત્ત્વદર્શન પણ!

સ્તોત્ર અતિસુંદર છે છતાં કાળસકંજે તેને પણ અન્યાય થયેલો છે, તેથી સૌથી પહેલું, અત્યાર સુધીનાં ભાષાંતરમાં થયેલા વિબોધ.. ગેરસમજ વિશે વિચારીએ. પહેલું વિબોધક ભાષાંતર કોણે કર્યું તેની મને જાણ નથી પણ, પછીથી તે ભાષાંતરની જ નકલ થઈને, પીછેસે આયા આગે લૌટા દીયા, જેવી પરિસ્થિતિ થઈ છે. એમાં, વલ્લભાચાર્યને.. તેમનાં વાઙ્મયને અન્યાય થાય છે.

સંસ્કૃતમાં બે શબ્દો છે, દીર્ઘ ઈ સાથે સપત્ની = શોક્ય કે પત્નીસહિત અને હ્રસ્વ ઇ સાથે સપત્નિ = શત્રુ કે સ્પર્ધક.. હરીફ.. કોમ્પીટીટર. અહીં હ્રસ્વ શબ્દ છે, તેથી તેનો અર્થ સ્પર્ધક લેવાનો છે. ગંગાજી અને યમુનાજી સ્પર્ધામાં ઉતર્યાં છે, કોણ કેટલાંને મોક્ષ આપે! તે માટેનાં સપત્નિઓ.. સ્પર્ધકો છે! બીજું, કમલજાનો અર્થ ખોટો કર્યો છે, લક્ષ્મી ન થાય. કમલા.. પદ્મા એટલે લક્ષ્મીજી અને કમલજા એટલે ગંગાજી. અત્રે પ્રસ્તુત યથાર્થ ભાષાંતરને વાંચશો પછી બધું સમજાઈ જશે.

અંતિમ પદનાં વિશ્લેષણમાં એક દૃષ્ટિભેદ છે, સ્મર–શ્રમ–જલ–અણુભિઃ ! આચાર્યશ્રીએ જાણીજોઈને, ગૂઢતા માટે, દ્વિઅર્થી લખ્યું હોય એમ લાગે છે. પહેલાંનાં અને આ યથાર્થ ભાષાંતરમાં તે સ્પષ્ટ થશે. વલ્લભાચાર્યજીનો દૃષ્ટિકોણ કેટલો મહાન છે, તે ધ્યાનમાં આવશે.

એ પણ ધ્યાન રહે, છઠ્ઠા–સાતમાં શ્લોકમાં ગંગાજી સ્વયં પ્રગટ થઈનેં યમુનાજીને કહે છે અને આચાર્યશ્રીને અનુમોદન આપે છે; તે ધ્યાનમાં આવવું જોઈએ. મને ઘણાં વિમર્શન પછી આ દર્શન થયું છે !

ભાષાંતર પછી, તાત્પર્ય.. વિશ્લેષણ અત્યંત સંક્ષિપ્ત.. ટૂંકાણમાં લખ્યું છે, તેનો વાસ્તવિક અર્થ ધ્યાનમાં લઈને, વધુ ચિંતન–મનન કરીને, આચાર્યશ્રીના આ સ્તોત્રનો તાત્ત્વિક હેતુ સમજવાનો પ્રયત્ન કરીશું તો, આશા છે પુષ્ટિમાર્ગે.. જ્ઞાનપૂર્ણ ભક્તિમાર્ગમાં પ્રગતિ અવશ્ય થશે.

વલ્લભ એટલે વલ્લભ ! ભક્તિનાં રાજરાજેશ્વર છે વલ્લભાચાર્ય ! ભક્તિ વિશે બીજાં આચાર્યોએ, ભક્તોએ કે મહાપુરુષોએ ઘણું કહ્યું છે, છતાં શ્રીવલ્લભની પ્રસ્તુતિ ભિન્ન છે, તેમના સાહિત્યમાં એક અપૂર્વ ભક્તિનું દર્શન મળે છે, તેમના બીજાં ગ્રંથોથી અને સ્તોત્રોથી તે સ્પષ્ટ થાય છે.

પ્રવાહ.. સામાન્ય માનવતાથી પુષ્ટિભક્ત.. જ્ઞાનીભક્ત થવા સુધીનો રાજમાર્ગ આચાર્યશ્રીએ આપી દીધો છે. આપણે તો માત્ર ચાલવાનું છે ! તેવી રીતે ચાલીને પ્રભુ સુધી પહોંચવાની સૌને પ્રેરણા મળે તેવી હરિને પ્રાર્થના. જય શ્રીકૃષ્ણ.

નિત્ય અભ્યાસુ,

પ્રશાંત દેસાઈ

રામનવમી

તા. ૬ ઍપ્રિલ ૨૦૨૫

१ नमामि यमुनामहं सकलसिद्धिं हेतुमुदा
मुरारिपदपंकज-स्फुरदमन्दरेणूत्कटाम्।
तटस्थनवकानन-प्रकटमोदपुष्पाम्बुना
सुरासुरसुपूजित-स्मरपितुः श्रियं बिभ्रतीम्॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| नमामि | यमुनाम् | अहम् | सकलसिद्धिम् | हेतु | मुदा |
| નમું છું | યમુનાજીને | હું | સકલસિદ્ધિને | હેતુ | આનંદ |
| मुरारि | पदपंकज | स्फुरत् | अमन्द | रेणु | उत्कटाम् |
| શ્રીકૃષ્ણના | ચરણકમળે | સ્ફૂરે છે | ચૈતન્ય | રેણુકણો | સુસ્પષ્ટ |
| तटस्थ | नवकानन | प्रकट | मोदपुष्प | अम्बुना | |
| કિનારે | નવી વનરાજી | પ્રગટે | આનંદપુષ્પો | જળમાં | |
| सुर-असुर | सुपूजित | स्मरपितुः | श्रियम् | बिभ्रतीम् | |
| દેવ-દાનવોથી | સુપૂજિત | શ્રીકૃષ્ણની | શોભાને | ધરનારાંને | |

(यत् पवित्रम् यमुनातटे, श्रीभगवान कृष्ण..) मुरारि पदपंकज उत्कटाम् अमन्द रेणु स्फुरत्, तटस्थ नवकानन (च) अम्बुना मोदपुष्प प्रकट। सुर-असुर सुपूजित, स्मरपितुः.. श्रीकृष्णः श्रियम् बिभ्रतीम्, सकलसिद्धिम् यमुनाम्, मुदा हेतुः अहम् नमामि॥

(જે પવિત્ર યમુનાકિનારે, ભગવાન શ્રીકૃષ્ણના..) મુરારિના ચરણકમળે, સુસ્પષ્ટ.. આંખે વળગે એવાં અમન્દ.. ચૈતન્યમય રેણુકણો સ્ફૂરે છે.. ઊડે છે; (જેનાં દિવ્ય) કિનારે નવીન વન-ઉપવનો (અને) જળમાં પ્રમોદ-પુષ્પો.. આનંદ-કમળો પ્રગટે છે. (જે) દેવો તથા અસુરોથી સારી રીતે પૂજાયેલાં છે, (તેવાં) સ્મર.. પ્રદ્યુમ્નના પિતાની (અર્થાત્ કામદેવથી પણ ઉત્કૃષ્ટ સ્વરૂપવાન શ્રીકૃષ્ણની) શોભાને.. પ્રતિભાને ધારણ કરી રહેલાંને, સકલસિદ્ધિ સ્વરૂપ યમુનાજીને હું નમું છું.. પ્રણમું છું. હેતુ.. કારણ માત્ર, મુદા.. હર્ષ.. આનંદ છે.

### ૧. નમું હું યમુનાજીને સકલસિદ્ધિને મુદા હેતુ
### મુરારિ પદપંકજે સ્ફૂરે ચિતિરેણું સદા
### તટે તટે નવાં વનો પ્રગટે મોદપુષ્પો જળે
### સુરાસુરે સુપૂજિત કૃષ્ણસમ શોભિતને

તાત્પર્ય : ભગવાન સુધી પહોંચવાનો સરળમાર્ગ એટલે વ્યક્તોપાસના! જે ભક્તિયોગ નામે પ્રસિદ્ધ છે. અવ્યક્ત ઈશ્વરને સર્વત્ર વ્યક્ત કરવાની કલા એટલે મૂર્તિપૂજા! ભગવાન મૂર્તિ નથી, મૂર્ત થઈ શકે નહીં અને મૂર્તિમાં ભગવાન છે પણ, નથી પણ! તમે કણ કણમાં ઈશ્વર માનતા હો તો છે, ભક્તની દૃષ્ટિમાં વિશેષરૂપે છે અને જો તમે આકાશમાં જ બેસાડી રાખ્યા હોય તો નથી! પત્થર તો શું, જીવમાં પણ નહીં જણાય! તમે કોની પાંસેથી શું શીખ્યા, બધો આધાર એ શ્રદ્ધા ઉપર છે.

યમુનાજી ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ છે. અત્રે આચાર્યશ્રી કહે છે, હે યમુનાજી! તમે સુર–અસુર બન્નેથી પૂજિત છો, અર્થાત્ ભક્તિ–તત્ત્વ સર્વમાન્ય છે. નમું છું યમુનાને.. સકલસિદ્ધિને અર્થાત્ ભક્તિને! બીજી સિદ્ધિ હોય કે ન હોય, ભક્તિ વિનાની ક્ષણ પણ ન ચાલે, આ ભક્તનો દૃષ્ટિકોણ છે. ભક્તિ જ સકલસિદ્ધિ!

મૂર્તિપૂજા ભક્તિનું ઉત્કૃષ્ટ સ્વરૂપ છે, વૈદિકકાળથી પ્રસિદ્ધ છે; ઋષિ–મુનીઓ, અવતારોએ ભગવદ્તુલ્ય સ્થાન આપ્યું છે, તેથી કહે છે હે યમુનાજી! તમે ભગવાનનું જ રૂપ ધર્યું છે. નવકાનન.. નવાં નવાં ભક્તસમૂહો પ્રગટ થયાં જ કરે છે! હજારો વર્ષોનો ઇતિહાસ છે. યુગે યુગે મોદપુષ્પ જેવાં, પ્રસિદ્ધ કે અપ્રસિદ્ધ ભક્તો, મળે છે અને મળતાં રહેશે જ! તે પુષ્પોનું ધ્યાન ભગવાન જ રાખે છે.

ભક્તને સઘળાં જીવો ભગવાનનાં ચરણોથી નીપજેલાં ચૈતન્યપૂંજ લાગે! ઘણાં ચરણોથી દૂર, ઘણાં સમીપ છે! સૌ ભગવદ્અંશ છે તેની સ્પષ્ટ પ્રતીતિ ભક્તને છે.

મુદા હેતુ. જો હેતુમાં અપેક્ષા, આશા, આકાંક્ષા, ભોગદૃષ્ટિ ન હોય તો, ત્યાં માત્ર આનંદ રહે અને તે નિરપેક્ષ, નિરાકાંક્ષ આનંદ માટે, હે ભક્તિદેવી! આપને નમન કરું છું. હે યમુને, તમારા જેવી જ ભક્તિ જોઈએ! ભગવાન તરફથી કંઈ મળે કે ન મળે, કોઈ હેતુ નથી. માત્ર અને માત્ર સેવા જોઈએ કારણ, સેવા જ આનંદ છે. બીજું, જે કોઈ ભગવાનને સમજાવે તે ગુરુ લાગે, તેને પહેલાં નમસ્કાર થાય! પણ આ તો ભગવાનનો જ મેળાપ કરાવશે, તે ભક્તિને પ્રથમ મહા નમસ્કાર!

२ कलिन्दगिरिमस्तके पतदमन्दपूरोज्ज्वला
विलासगमनोल्लसत् प्रकटगण्डशैलोन्नता।
सघोषगतिदन्तुरा समधिरूढदोलोत्तमा
मुकुन्दरतिवर्धिनीं जयति पद्मबन्धोःसुता॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| कलिन्द | गिरिमस्तके | पतत् | अमन्दपूरा | उज्ज्वला | |
| સૂર્યકિરણો | ગિરિશિખરે | પડતાં | તેજપૂંજો | દેદીપ્યમાન | |
| विलासगमन | उल्लसत् | प्रकट | गण्डशैला | उन्नता | |
| રમતાં રમતાં જતાં | ઉલ્લાસપૂર્વક | પ્રગટેલી | મોટી શિલાઓ | ઊંચી | |
| सघोष | गति | दन्तुरा | समधिरूढा | दोला | उत्तमा |
| ગુંજનસહ | ગતિએ | ઊંચીનીચી | સુવિરાજમાન | પાલખીમાં | ઉત્તમ |
| मुकुन्द | रतिवर्धिनीम् | जयति | पद्मबन्धोःसुता | | |
| શ્રીકૃષ્ણમાં | પ્રીતિ વધારનારાં | જય પામે છે | સૂર્યપુત્રી યમુના | | |

(यत्र) कलिन्द गिरिमस्तके उज्जवला अमन्दपुरा पतत्। (तत्र) उन्नता प्रकट गंडशैला (मध्ये) उल्लसत् विलास गमने, उत्तमा दोला समधिरूढा, दन्तुरा सघोष गति, मुकुन्द.. श्रीकृष्ण रतिवर्धिनीम्, पद्मबन्धोःसुता.. यमुना (सदा) जयति॥

(જ્યાં) કલિન્દ.. સૂર્યકિરણ પર્વતનાં શિખરો ઉપર દેદીપ્યમાન.. તેજપૂંજો પડી રહ્યાં છે. (સૌ સોનેરી ભાસે છે, ત્યાં) પ્રગટ થયેલી ઉન્નત.. ઊંચી મોટી શિલાખંડો વચ્ચે, ઉત્તમ દોલા.. હિંડોળા લેતાં ઝુલામાં વિરાજમાન થઈને, ઉલ્લાસપૂર્વક.. પ્રસન્નતાથી, રમતાં રમતાં.. વિહાર કરતાં જતાં (શ્રીયમુનાજી મધુર) ગુંજન કરતાં કરતાં, દન્તુરા.. ઊંચી–નીચી ગતિમાં.. ઊછળકૂદ.. કિલકિલાટ કરતાં જતાં, મુકુન્દ.. શ્રીકૃષ્ણમાં અનુરક્તિ.. પ્રીતિ વધારતાં જતાં સૂર્યપુત્રી યમુનાજીનો જય જયકાર થાય છે, નિત્ય સર્વત્ર યશ પામે છે.

૨. કલિન્દ ગિરિમસ્તકે પડીને તેજપૂંજ દીપે
વિલાસે જતાં ઉલ્લાસે શિલાઓ ભવ્યતર દિસે
સઘોષે ગતિ ખંતિલી વિરાજીને ઉત્તમ ઝૂલે
મુકુંદરતિ વધારતાં જય થાય સૂર્યજાયીનો

તાત્પર્ય ઃ શું દર્શન છે! જ્ઞાન તપ કરતું ઊભું છે, ઉન્નત શીલાઓની જેમ તપસ્વીઓ જાણે જ્ઞાનકિરણો મેળવે છે પણ માર્ગ શુષ્ક અને કઠણ છે. આચાર્યશ્રી કહે છે, અવ્યક્તોપાસના સરળ નથી, જ્યારે ભક્તિમાર્ગ ત્યાંથી જ નાચતો–ગાતો, ખળખળ કરતો, હસતો રમતો દોડે છે! ભગવાનનો આશ્રિત છે! જાણે પાલખીમાં બેસાડીને લઈ જાય છે! જ્ઞાનમાર્ગમાં સાધક હાથ પકડે છે, છૂટે તો પોતાનો વાંક! જ્યારે ભક્તિમાર્ગમાં સાધકનો હાથ ભગવાન જ પકડે, પછી સાથ છૂટે? જોકે એવુંય નથી કે આશ્રય સહેલો છે, માત્ર બોલવાથી શરણ ન મળે, ગુણોથી મળે.

જ્ઞાનીઓને તેજસ્વી જ્ઞાનકિરણો મળે છે એ સાચું, પણ ભક્તિ તો સાક્ષાત્ સૂર્યપુત્રી! સૌરી જ કાલિન્દી! કલિન્દ.. સૂર્યકિરણ સમાન વેગવાન, તેજસ્વી, પ્રભાવી! સૂર્યદેવના ત્રણ સંતાનો; શની, યમ ને યમુના. ભક્તિ–જીવનની પણ ત્રણ કક્ષાઓ; શ્રદ્ધાકાળ, સાધનાકાળ અને ભક્તિકાળ. આચાર્યશ્રીના મત પ્રમાણે પ્રવાહકાળ, મર્યાદાકાળ અને પુષ્ટિકાળ! પ્રાઈમરી, સેકન્ડરી, હાયરસ્કૂલ!

પ્રવાહ.. શ્રદ્ધાકાળમાં દૈવી કે આસુરી અને સાંખ્ય કે યોગ, આ નિર્ણયો લેવાય. તેમાંય કર્મનું ધ્યાન રાખવું પડે! શનિ તેનાં દેવ! તે પછી સાધનાકાળ, મર્યાદામાં રહેવું, યમ–નિયમ ધર્મપાલન, યમરાજનું ક્ષેત્ર! તે પછી આવે યમુનાજીનું ક્ષેત્ર! ભક્તિ તેમનાં જેવી તેજસ્વી જોઈએ! રોતલ કે માંગણનું કામ નહીં. ભક્તિકાળમાં ભક્ત તુષ્યન્તિ च રમન્તિ च.. હસતો–રમતો જ હોય! તેને પુષ્ટિ મળે!

મંદિરે ગયો ને ભગત થઈ ગયો, આટલું સહેલું નથી. એવુંય નથી કે બધાં ક્ષેત્રો પસાર કરવાં પડે, ભગવાન કહે છે, अपिचेत्सुदुराचारो.. પાપીમાં પાપી જો મારે શરણે આવે, હૃદય પરિવર્તન થાય, તો તે મારો ભક્ત જ છે. ભક્તિ તેનાં જીવનમાં હરિપ્રીતિ વધારે, જેમ જેમ પ્રભુની આસક્તિ વધે તેમ તેમ સંસાર પ્રત્યે વિરાગ વધે! વાલીયાનો વાલ્મિકી થાય અને અજામિલનોય ઉદ્ધાર થાય! આવાં આવાં મોદપુષ્પો પ્રગટે, તેને ભક્તિનો.. યમુનાનો જય કહેવાય! આવાં જય યુગે યુગે થાય!

३ भुवं भुवनपावनीम् अधिगतामनेकस्वनैः
प्रियाभिरिव सेवितां शुकमयूरहंसादिभिः।
तरंगभुजकंकण-प्रकटमुक्तिकावालुका
नितम्बतटसुन्दरीं नमत कृष्णतुर्यप्रियाम्॥

भुवम् भुवनपावनीम् अधिगताम् अनेक स्वनैः
ભુવન ભુવન પાવન કરનારાં પ્રાપ્ત થતાં અનેક ગુંજનો
प्रियाभिः इव सेविताम् शुक मयूर हंस आदिभिः
સખીઓથી જેમ સેવાયેલાં પોપટ મોર હંસ વગેરેથી
तरंगभुज कंकण प्रकट मुक्तिका वालुका
તરંગબાજુ.. વલય ફૂવારા પ્રગટે મોતીસમ વાછંટ બિંદુઓ
नितम्बतट सुन्दरीम् नमत कृष्ण तुर्य प्रियाम्
ઢળતા કિનારા સુંદરીને નમે છે કૃષ્ણની ચતુર્થ પ્રિયાને

अनेक स्वनैः अधिगताम् भुवम् भुवनपावनीम्, शुक मयूर हंस आदिभिः प्रियाभिः इव सेविताम्, कंकण प्रकट तरंगभुज (च) मुक्तिका वालुका, सुंदरीम् कृष्णतुर्यप्रियाम् नितम्बतट नमत॥

અનેક સ્વરો.. ગુંજનો.. ધ્વનીઓ પ્રાપ્ત થતાં, અનેક ભુવનોને.. ત્રિલોકને પાવન કરતાં (જતાં યમુનાજી), પોપટ મોર હંસ વગેરેથી, પ્રિય સખીઓથી જેમ સેવાયેલાં.. સાથે જ રહેનારાં છે. કંકણે.. પાણીનાં ફૂવારાથી પ્રગટ થતી તરંગો.. વલયો (અને) વાછંટો.. પાણીનાં ઉડતાં મોતીસમાન જલબીંદુઓથી (અત્યંત સુંદર લાગતાં તે) સુંદરીને, શ્રીકૃષ્ણની તુર્ય.. ચતુર્થ મહારાણી યમુનાજીને, નિત્-અંબ.. ઢળતાં તટ.. ઢોળાવથી શોભતાં, લયબદ્ધ કિનારાઓ નમન કરે છે.

## ૩. ભૂવન કરે સૌ પાવન મળે અનેક સંગીતો
## પ્રિયાસમ સેવાયેલાં શુક મયૂર હંસાદિથી
## તરંગો કંકણો સ્ફૂરે મોતીશા દિસે બિંદુઓ
## સુંદરીને નિધિતટો નમે કૃષ્ણની તુર્યગાને

તાત્પર્ય ઃ પ્રત્યેક ભૂવન.. સર્વલોકોને પાવન કરવાની શક્તિ ભક્તિમાં છે. બાળલોક, યુવાલોક, મહિલાલોક, વૃદ્ધલોક, ધનીલોક, શ્રમિકલોક, નેતાલોક, સર્વલોક પાવન થાય અને તે સૌનાં સૂર જુદાં.. સંગીત ભિન્ન! બાળકો પોપટ જેવાં, નવશીખીયા, જેવાં સંસ્કાર આપો તેવાં ઝીલે! ભક્તિ મળે તો આખું જીવન ખીલે! યુવાનો મોર જેવાં.. રંગીન! જીવનનાં આ ૨૦–૨૫ વર્ષો જ કળા કરી શકાય, એમાં ભક્તિ મળે તો ધન્ય.. કૃતકૃત્ય! શુદ્ધ જીવનથી વૃદ્ધ હંસ જેવો શુભ્ર હોય! તેમાં ભક્તિ ભળે તો પુષ્ટ થઈ જાય! તેનું જીવન ભગવાનને ગમી જાય! વિભિન્ન આવાં અનેક સેવકોથી સેવાતાં.. પૂજાતા યમુનાજી તમે સૌનાં પ્રિય છો, મહાન છો.

બાળપણથી વિવેક–ધૈર્ય–આશ્રયનું સેવન થયું હોય તો જીવનમાં રમ્યતા આવે, જીવન સજા નહીં, મજા લાગે! સુખમાં કે દુઃખમાં પણ, જીવન રમણીય લાગે. ઈશ શ્રદ્ધાની તરંગો પ્રગટે, પ્રભુપ્રેમનાં ફૂવારા ફૂટે! ભક્તિભાવની વાછંટોથી ભગવાન આસપાસ જ છે તેની અનુભૂતિ જાગે! સાથે જ ભગવાનનો વિરહ સતાવે!

સાધકને યમુનાજીનાં મનોરમ્ય કિનારાઓ ભગવદ્રૂપ થયેલાં ભક્તો લાગે છે. એ ભક્તોનાં જીવનોમાંથી પ્રેરણા અને આશ્વાસનો મેળવે! તે નિતંબતટ.. લીલાછમ લયબદ્ધ કિનારાઓ, કૃષ્ણની ચતુર્થ મહારાણી યમુનાજીને નમે છે. અત્રે શ્રીવલ્લભે સુંદરી શબ્દપ્રયોગ કર્યો છે. અષ્ટ ઐશ્વર્યો છે આ પટરાણીઓ : પરા.. રુક્મિણી, અપરા.. સત્યભામા, કાશ્યા.. જાંબુવતી, ભક્તિ.. યમુના, પ્રકીર્તિ.. શ્રુતકીર્તિ, ગંતવ્યા.. મિત્રવૃંદા, પ્રશાંતિ.. ભદ્રા અને મુક્તિ.. લક્ષ્મણા. સૌ સુંદર છે, પણ...

જેમણે ભગવાને પ્રેમ કર્યો છે તે સૌ ભક્તિનાં ચરણોમાં રહ્યાં છે, યમુના માઁને સ્વીકારી! બાળકને માઁથી વધુ સુંદર કોઈ લાગે? મુક્તિ માઁ સામે છે છતાં ભક્તિ માઁને શરણે જવાવાળા મહાપુરુષો બુદ્ધિશાળી પણ છે અને ભાવપૂર્ણ પણ છે! સાધકને વિશ્વમાં ઘણાં મહાપુરુષો દેખાય, તેઓ ભવ્ય છે, મુક્ત છે, આકર્ષક કે સમર્થ છે પણ, જે દિવ્યતા ભક્તોમાં દેખાય તે બીજે નહીં, તે આ કિનારાઓ છે!

४ अनन्तगुणभूषिते शिवविरंचिदेवस्तुते
घनाघननिभे सदा ध्रुवपराशराभीष्टदे।
विशुद्धमथुरातटे सकलगोपगोपीवृते
कृपाजलधिसंश्रिते मम मनःसुखं भावय॥

| अनन्तगुणभूषिते | शिव | विरंचि | देव | स्तुते |
|---|---|---|---|---|
| અનંત ગુણોથી સુષોભિત | શિવજી | બ્રહ્માજી | વિષ્ણુજીથી | સ્તુત્ય |

| घनाघननिभे | सदा | ध्रुव | पराशर | अभीष्टदे |
|---|---|---|---|---|
| ગાઢ વાદળ સમાન | નિત્ય | ધ્રુવ | પરાશરને | ઇચ્છિત વર દેતાં |

| विशुद्ध | मथुरातटे | सकल गोप गोपी वृते |
|---|---|---|
| શુદ્ધ થયેલી | મથુરાકિનારે | સર્વ ગોપ-ગોપીઓથી આવૃત |

| कृपाजलधि | संश्रिते | मम | मनःसुखम् | भावय |
|---|---|---|---|---|
| કૃપાસિન્ધુ શ્રીકૃષ્ણમાં | ભળી ગયેલાં | મારા | મનને પ્રસન્ન | કરો છો |

हे अनंतगुणभूषिते! शिव विरंचि विष्णुदेव स्तुते! सदा घनाघननिभे ध्रुव पराशर अभिष्टदे! विशुद्ध मथुरातटे सकल गोपगोपीवृते! कृपाजलधि.. श्रीकृष्णसंश्रिते.. हे यमुने! मम मनःसुखम् भावय॥

હે અનંત ગુણોથી વિભૂષિત.. શોભાયમાન (યમુનાજી)! શિવ બ્રહ્મા વિષ્ણુ (જેવાં મહાદેવોથી પણ) સ્તુતિ પામેલાં (હે દેવી)! સદાકાળ ઘનઘોર ઘટા.. ઘનશ્યામ વાદળો સમાન (કૃપા વરસાવીને) ધ્રુવ (જેવા ઉત્તમ બાળકો ને રાજાઓ તથા) પરાશર (જેવા બ્રહ્મર્ષિઓને પણ) અભિષ્ટ દેનારાં.. કલ્યાણ કરનારાં! વિશુદ્ધ મથુરાનગરીના કિનારે, સમસ્ત ગોપ-ગોપીઓથી ઘેરાયેલાં! કૃપાસાગર.. શ્રીકૃષ્ણમાં સંશ્રિત.. એકરૂપ થયેલાં (હે યમુનાજી)! મારા મનને સુખ.. પ્રસન્નતાનો ભાવ આપી રહ્યાં છો! (ભક્તિ જ ભગવાન લાગવાથી મન પ્રસન્ન છે.)

## ૪. અનંતગુણ ભૂષણો શિવવિરંચિદેવ સ્તવે
ઘનાઘનસમ સદા ધ્રુવ પરાશરને વર મળે
વિશુદ્ધ મથુરાતટે સર્વ ગોપ ગોપી વ્રતે
કૃપાસિંધુમાં સંશ્રિત મારું મન પ્રસન્ન કરે

તાત્પર્ય ઃ સદ્ગુણો ભક્તિનાં આભૂષણો છે. ભક્તિનો પ્રતાપ જ એવો છે, ગુણો ખેંચાઈ આવે! સાધકને લાગે કે ભગવાનનાં થવું હોય તો જીવન સદ્ગુણોથી શોભવું જોઈએ. ગીતાનાં ૧૬માં અધ્યાયનાં સૌ દૈવીગુણો મારા જીવનમાં હશે જ, તેવું ભક્તને લાગે છે. યમુનાજી તમે સ્વયં અનંત ગુણોથી વિભૂષિત છો! તેથી ત્રિદેવો : બ્રહ્મદેવ, વિષ્ણુદેવ ને મહાદેવ તમારી સ્તુતિ કરે છે! અને કેમ ન કરે? પત્ની કોનાં છો? દેવોનાં દેવ, સર્વસ્રષ્ટા, એકમેવાદ્વિતીય, ભગવાન શ્રીકૃષ્ણનાં!

કળિયુગે ઘણું ખેદાનમેદાન કર્યું છે, કરે જ! એના માટે તો એની નિયુક્તિ છે! એનું કર્તવ્ય છે, કોઈપણ રીતે સૌ ભગવાનથી વિમુખ થાય, એવું કરવું કે કોઈ પરમ તત્ત્વને ઓળખી જ ન શકે. શ્રીકૃષ્ણને જાણે કેટલાં? વિશ્વનો ચોથો ભાગ.. હિંદુઓ, તેમાંય કેટલાં સંપ્રદાયો! કેટલાં કૃષ્ણને માને? તેમાંય મોટા ભાગનાં એવું જ જાણે છે કે કૃષ્ણ એ વિષ્ણુનો અવતાર! તો સત્યને જાણતાં રહ્યાં કેટલાં?

ભારતના મહાકાળમાં વિષ્ણુએ કૃષ્ણનો અવતાર લીધો હતો, પણ પરાશરના પુત્ર કૃષ્ણ-દ્વૈપાયન થઈને, નહીં કે વસુદેવના પુત્ર કૃષ્ણ તરીકે! કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્। બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ જેનું ધ્યાન ધરે છે તે ભગવાન શ્રીકૃષ્ણ છે. સર્વકોઈ તેના જ અંશરૂપ છે. યમુના શ્રીકૃષ્ણના પત્ની છે, નહીં કે વિષ્ણુના. થાય જ કેવી રીતે? વિષ્ણુ અને સૂર્ય સગા ભાઈઓ, આદિત્યો. યમુના વિષ્ણુનાં ભત્રિજી થાય તેથી યમુનાને લક્ષ્મીનાં શોક્ય ગણવાનું પાપ વહોરશો મા. શ્રીકૃષ્ણને ઓળખો!

કાળામેઘની જેમ મહારાણી તમે વરસી જ પડો છો! તમારી કૃપા થઈને જ રહે છે. ધ્રુવ અને પરાશર આ ભક્તોનાં બે પ્રકારો છે. ધ્રુવ એ બાળભક્ત અને પરાશર એ ટોચનાં જ્ઞાનીભક્ત! આ બન્ને વચ્ચે બીજાં સમાઈ ગયાં! સૌ પર સરખી જ કૃપા.

વિશુદ્ધ મથુરાનગરી.. ચિત્ત વિશુદ્ધ થાય તો, આત્મ પ્રકાશ થાય, ચૈતન્ય પ્રગટ થાય, ત્યાં સર્વ ઇંદ્રિયોરૂપી ગોપીઓ વિંટળાય! હે કૃષ્ણમય થયેલાં યમુનાજી! ભગવાનવતી તમે જ, આવું સુખ મને આપી રહ્યાં છો! ભક્તિમાં જ સર્વ આનંદ!

५ यया चरणपद्मजा मुररिपोः प्रियंभावुका
समागमनतोऽभवत् सकलसिद्धिदा सेवताम्।
तया सदृशतामियात् कमलजा सपत्नीव यत्
हरिप्रियकलिन्दया मनसि मे सदा स्थीयताम्॥

| | | | |
|---|---|---|---|
| यया | चरण-पद्मजा | मुररिपोः | प्रियंभावुका |
| જે થકી | કમલજા.. ગંગાજી | શ્રીકૃષ્ણના | પ્રિય.. પ્રીતિપાત્ર થયાં |
| समागमनतः | अभवत् | सकलसिद्धिदा | सेवताम् |
| સંગમથી | થયાં હતાં | સકલસિદ્ધિ દેનારાં | સેવકોને.. ભક્તોને |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| तया | सदृशताम् | इयात् | कमलजा | सपत्नि | इव | यत् |
| તે થકી | સમકક્ષામાં | આટલાં | ગંગાજી | સ્પર્ધક | હોય તેમ | જે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| हरिप्रिय | कलिन्दया | मनसि | मे | सदा | स्थीयताम् |
| શ્રીકૃષ્ણને પ્રિય | યમુનાજી | મનમાં | મારાં | નિત્ય | સ્થિત રહો |

यया समागमनतः चरणपद्मजा.. गंगा, मुररिपोः प्रियंभावुका अभवत्। तया इयात् सदृशताम् सपत्नि इव कमलजा.. गंगा, सेवताम् सकलसिद्धिदा (अभवत्)। यत् हरिप्रिया कलिन्दया.. यमुना, सदा मे मनसि स्थीयताम्॥

જેમનાં લીધે (યમુનાજીનાં) સમાગમ.. સંગમથી, ચરણપદ્મજા.. વિષ્ણુદેવના ચરણકમળથી ઉત્પન્ન થયેલાં ગંગાજી, મુરારિને.. શ્રીકૃષ્ણને પ્રિય.. પ્રેમભાવી થયાં. તેમની (યમુનાજીની) આટલી સરખામણીમાં.. સમકક્ષામાં હોય (તો માત્ર) ગંગાજી (જે) સ્પર્ધકની જેમ સેવકોને સકલસિદ્ધિ.. ભક્તિ પ્રદાન કરે છે. (ગંગા–યમુના વચ્ચે જાણે સ્પર્ધા ચાલે છે, કોણ કેટલાંને ભક્ત કરે!) જે હરિને.. શ્રીકૃષ્ણને પ્રિય (છે તે) કાલિન્દી.. યમુનાજી, મારા મનમાં સદાકાળ સ્થિત રહે.

૫. જે થકી જ ગંગાજી મુરારીનાં થયાં પ્રિય
સંગમે સિદ્ધિદાતા બન્યાં સેવકોનાં સદા
તે થકી સમવર્તને ગંગાજી સ્પર્ધક જેવાં
હરિપ્રિયા કાલિંદી મને મારાં રહો સ્થિત

તાત્પર્ય : આચાર્યશ્રી અહીંથી નવું પ્રકરણ પ્રારંભ કરે છે. જીવનનું લક્ષ્ય જ્ઞાનપ્રાપ્તિ છે કારણ, न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते। (ગીતા ૪.૩૮) જ્ઞાનથી પવિત્ર અહીં બીજું કંઈ નથી અને જ્ઞાન તપથી, કર્મયજ્ઞથી કે ભક્તિથી મળે છે.

હવે સુરધૂનિ.. સંગમ પર જ્ઞાનસાગરને ભક્તિ મળે છે. શ્રીવલ્લભ કહે છે, જ્ઞાનથી મુક્તિ મળી જાય પણ હરિ ન મળે! તે તો ભક્તિથી જ મળે. તેથી જેનું જ્ઞાન માટે.. મુક્તિ માટે જ અવતરણ થયું છે તે જ્ઞાનસ્વરૂપા.. ચરણપદ્મજા.. કમલજા.. ગંગાજીને પણ આપના.. ભક્તિનાં સંગમથી જ શ્રીકૃષ્ણ જાણવા મળ્યાં.. શ્રીકૃષ્ણના પ્રિય થયાં. એટલું જ નહીં, હવેથી તેઓ પણ તેમનાં સેવકોને સકલસિદ્ધિ અર્થાત્ ભક્તિ પ્રદાન કરતાં થઈ ગયાં; તેથી હે યમુનાજી! તમારાં સ્પર્ધક જેવાં થઈ ગયાં!

હે હરિપ્રિય કલિન્દયા.. સૂર્યપૂત્રી! જીવન પ્રકાશિત કરનારાં યમુનાજી! જ્ઞાન સાથે પણ મારા ચિત્તમાં સદા સ્થિત રહેજો! આચાર્યશ્રી યમુનાજીને.. ભક્તિદેવીને આવું કહે છે કારણ, અદ્વૈત-જ્ઞાન થશે તો કશું જ નહીં રહે, નાનું પૂર્ણ મોટા પૂર્ણમાં મળી જશે! મારે તો નિત્ય હરિનાં દર્શન કરવાં છે, ગુણગાન ગાવાં છે, હરિભક્તોમાં નાચવું ગાવું છે! હરિમિલન સુધી પહોંચવું છે! ભક્તિથકી જ્ઞાનનું મિલન તો થયું જ છે પણ, હે ભક્તિદેવી! મારાં મનમાં સદાકાળ સ્થિર રહો, તમે જાવ નહીં, નહીં તો મારું અસ્તિત્ત્વ નહીં રહે!

ભાવસમાધિમાં તલ્લીન થયેલા ભક્તશિરોમણી શ્રીવલ્લભાચાર્ય, હવે એક અદ્ભુત પ્રસંગ.. અલૌકિક દૃશ્ય નિહાળે છે, ગંગાજી યમુનાજીને કહી રહ્યાં છે તેનું આચાર્યશ્રી અત્યંત સંક્ષિપ્ત વર્ણન કરે છે. એક નાનકડા સ્તોત્રમાં આટલું બધું કહી દેવું એ ઐશ્વરીય શક્તિ વિના અસંભવ છે! આચાર્યશ્રી યમુનાજીની સ્તુતિ કરી રહ્યાં હતા, એ લાલનાને જોઈને, અચાનક ગંગાજી પ્રગટ થઈ ગયાં અને તે સ્વયં જ યમુનાજીની સ્તુતિ કરવા લાગ્યાં! કેવી આશ્ચર્યકારક ઘટના! ધન્ય થયાં વલ્લભ અને ધન્ય થયાં આપણે કે તેમણે ભક્તો માટે નોંધી રાખ્યું; ટૂંકમાં સઘળું!

६ नमोऽस्तु यमुने सदा तव चरित्रमत्यद्भुतं
न जातु यमयातना भवति ते पयःपानतः।
यमोऽपि भगिनीसुतान् कथमु हन्ति दुष्टानपि
प्रियो भवति सेवनात् तव हरेर्यथा गोपिकाः॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| नमः अस्तु | यमुने | सदा | तव | चरित्रम् | अति-अद्भुतम् |
| નમનહો | હે યમુને! | સદા | તમારું | ચરિત | અતિઅદ્ભુત |

| | | | | | |
|---|---|---|---|---|---|
| न | जातु | यमयातना | भवति | ते | पयःपानतः |
| નથી | જરીય | યમયાતના | થતી | તમારાં | જલપાનથી |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| यमः | अपि | भगिनीसुतान् | कथम् | उ | हन्ति | दुष्टान् | अपि |
| યમરાજ | પણ | ભાણેજોને | કેમ | અહો | હણે | દુષ્ટ હો | તોયે |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| प्रियः | भवति | सेवनात् | तव | हरेः | यथा | गोपिकाः |
| પ્રિયપાત્ર | થાય છે | સેવાથી | તમારી | કૃષ્ણને | જેમ | ગોપીકાઓ |

(गंगा उवाच, हे यमुने!) ते पयःपानतः यमयातना जातु न भवति। उ यमः अपि कथम् दुष्टान् अपि भगिनीसुतान् हन्ति? यमुने! तव चरित्रम् सदा अति-अद्भुतम्। तव सेवनात्, यथा गोपिका, हरेः प्रियः भवति। (अतः) नमः अस्तु॥

(હવે ગંગાજી યમુનાજીની સ્તુતિ કરતાં કહે છે, હે યમુનાજી!) તમારા જલપાનથી.. પાયસપાનથી જરીય યમયાતના.. યમદૂતોનો ત્રાસ થતો નથી. અહો! યમરાજ પણ કેમ, દુષ્ટ હોવા છતાંય, બહેનનાં પુત્રોને.. ભાણીયાઓને હણે? (મનુષ્ય યોનીથી દૂર કરે?) હે યમુનાજી! તમારું ચરિત્ર.. લીલાઓ નિત્ય.. સદાકાળ અતિ અદ્ભુત છે.. અલૌકિક છે, (જેનું વર્ણન અશક્ય છે). તમારી સેવાથી.. ભક્તિથી, જેમ ગોપીકાઓ થઈ તેમ, શ્રીકૃષ્ણને પ્રિય થવાય છે. (માટે હે યમુને! તમને) નમન હો.

૬. નમન હો યમુને! સદા તવ અદ્ભુત ચરિતને
ન થાય યમયાતના તવ પૂનિત જલપાનથી
યમેય કેમ કરી કોપે ભાણા રહ્યાં જે દુઃસંગી
પ્રિય થાય તુજ સેવા હરિને જેમ ગોપીઓ

તાત્પર્ય ઃ ગંગાજી નમસ્કાર કરીને પ્રથમ, યમુનાજીનાં ભક્તોનાં અભયની વાત કરે છે. વાત કરવાની કલા દેવો પાંસે શીખવા જેવી ખરી! કહે છે, તમારાં ભક્તોને તો મૃત્યુ પછી પણ કંઈ નહીં થાય, બગડે તોયે ભાણાઓને યમરાજ થોડા મારે? કહેવાનો અર્થ, મારા ભક્તોને સહેજે આ સુખ નથી! તાત્ત્વિક રીતે જોઈએ તો જ્ઞાની સ્વયં દોરડાથી ચઢે છે, છૂટે તો પોતાની ભૂલ! જ્યારે ભક્ત તૈયાર પગથી પર ચઢે છે અને ભગવાન લપસવા નહીં દે! એટલે ગંગાજી સ્વયં ભક્તોને આશ્વાસન આપે છે કે તમને કોઈ કાંઈ ન કરી શકે. તમને ભગવાને પકડ્યાં છે.

પછી કહે છે તમારી સેવાથી કૃષ્ણને પ્રિય થવાય છે, જેમ ગોપ–ગોપીઓ થયાં. તમારાં સમાગમથી.. સંસ્પર્ષથી હું પણ મુકુંદપ્રિય થઈ ગઈ! તેથી તમને નમસ્કાર! વ્યક્તિ પરિશુદ્ધ થતાં કે તપ, ધ્યાન, સમાધિપૂર્વક જ્ઞાની.. બ્રહ્મરૂપ થઈ શકે છે પણ, તેનાથી ભગવાન નથી મળી જતાં. નિરીશ્વરવાદી ઘણાં મહાપુરુષો થઈ ગયાં, લોકોને શૂન્યવાદ આપ્યાં સિવાય બીજું કાંઈ નથી કર્યું! સૌ ભક્તિ વિના અધૂરાં!

અત્રે નોંધનીય છે કે યમુનાજીનો બાલ્યકાળ અને રાધાજીનો પ્રૌઢકાળ ઇતિહાસમાં ક્યાંય વર્ણિત નથી. તેથી શક્યતઃ બન્ને એક જ હોવાં જોઈએ. શબ્દ વ્યુત્પત્તિ છે, रासेन धावति सा राधा! રાસ માટે.. કૃષ્ણના સત્સંગ માટે, સૌ પ્રથમ દોડી જતી તે રાધા! તેથી બાળપણમાં તેને રાધા કહેતા હશે, યૌવનકાળમાં નામથી યમુના! પિતાનું નામ વૃષભાનુ.. વર્ષાકાળનો સૂર્ય, પણ છે તો સૂર્ય જ ને! ગામ વર્ષાણા જેનું આપણે બરસાના કર્યું! જેનું કામ જ હરિની જેમ કૃપા વરસાવવાનું! એ સૂર્યપુત્રી યમુનાને કૃષ્ણ યૌવનકાળમાં ફરી યમુના કિનારે જ મળ્યાં ને વર્યાં! ચતુર્થ પટરાણી કરી તેની નોંધ ઇતિહાસે લીધી છે. આટલું રહસ્યમય ચરિત્ર હોવાથી તો ગંગાજી નથી કહેતાને કે અતિઅદ્ભુત! આવું તો ક્યારેય નથી જોયું! રાધા બનીને કાન્હાના પ્રત્યેક વચન સાંભળ્યાં અને પ્રભુકાર્ય કર્યું! પછી વિરહ પણ સહન કર્યો અને ત્યારે પટરાણી થયાં! નમન હો. ગંગાજી આગળ કહે છે..

७ ममास्तु तव सन्निधौ तनुनवत्वमेतावता
न दुर्लभतमा रतिर् मुररिपौ मुकुन्दप्रिये।
अतोऽस्तु तव लालना सुरधुनीपरंसंगमात्
तवैव भुवि कीर्तिता न तु कदापि पुष्टिस्थितैः॥

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| मम | अस्तु | तव | सन्निधौ | तनु | नवत्वम् | एतावता |
| મારો | થાવ | તમારા | સાંનિધ્યે | દેહ | નવીનતમ | એટલો |
| न | दुर्लभतमा | रतिः | मुररिपौ | मुकुन्दप्रिये! | | |
| ના (રહે) | દુર્લભતમ | પ્રીતિ | શ્રીકૃષ્ણમાં | હે યમુનાજી! | | |
| अतः | अस्तु | तव | लालना | सुरधुनी | परम् | संगमात् |
| તેથી | થાવ | તમારું | લાલન | સુરસાગરે | પરમ | સંગમે |
| तव | एव भुवि | कीर्तिता | न | तु | कदापि | पुष्टिस्थितैः |
| તમારી | જ જગે | કીર્તિગાથા | નથી | પરંતુ | ક્યારેય | વૃદ્ધિસ્થિતિમાં |

(हे यमुने!) तव सन्निधौ मम तनु नवत्वम् एतावता अस्तु, (तत्पश्चात्) हे मुकुन्दप्रिये! मुररिपौ रतिः न दुर्लभतमा (भवेत्)। तव एव भुवि कीर्तिता, तु कदापि पुष्टिस्थितिः न। अतः सुरधुनी परम् संगमात् तव लालना अस्तु॥

(હે યમુનાજી!) તમારા સાન્નિધ્યમાં મારા દેહનું એટલું (આવશ્યક) નવીનીકરણ થાવ (કે તે પછી) હે મુકુંદપ્રિયે! શ્રીકૃષ્ણમાં રતિ.. પ્રીતિ દુર્લભતમ ન રહે. (શ્રીકૃષ્ણ અનુરક્તિ સુલભ થઈ જાય.) ભુવનમાં તમે જ કીર્તિત છો.. તમારી જ પ્રશંસા છે, પરંતુ ક્યારેય એવું નથી કે (કોઈથી કે મારા વડે) પુષ્ટિ.. વૃદ્ધિ થવાથી આ સ્થિતિ છે, (તમારી સ્વયં જ ખ્યાતિ છે.) તેથી સુરધુની.. (આપણાં) ગંગા–યમુનાનાં પરમ સંગમ સ્થળે, તમારી જ લાલના.. પ્રીતિ.. યશોગાન થાવ.

## ૭. મારો થાવ તવ સન્નિધે દેહ નવીન એટલો
## ન રહે દુર્લભતમ રતિ હરિમાં મુકુંદપ્રિયે!
## તેથી હો તુજ લાલના સુરધુની પરં સંગમે
## તમારી છે જગે કીર્તિ નહીં કે કોઈ પુષ્ટિથી

તાત્પર્ય ઃ કહે છે, એતાવતા નવત્વમ્.. મારા દેહનું આટલું નવિનીકરણ.. સદંતર બદલાવ કરો, જેથી કૃષ્ણની પ્રીતિ સૌથી દુર્લભ ન રહે, સુલભ થાય. અત્રે શુદ્ધિકરણ કે પવિત્રકરણની વાત નથી, તે તો છે જ! કંઈક નવું ઉમેરો! જેથી કૃષ્ણની દુર્લભતમ પ્રીતિ મળે. સાચે જ, સૌથી અલભ્ય.. સૌથી દુષ્કર.. અશક્યમાં અશક્ય વાત હોય તો તે છે, કૃષ્ણ! કૃષ્ણ ભક્તિ! અને કૃષ્ણકૃપા!

જ્ઞાની કહે अहं ब्रह्मास्मि। હું પૂર્ણ થઈ ગયો! બ્રહ્મમાં એકાકાર થઈ ગયો, હવે બાકી શું છે! આચાર્યો ત્યાં કહે છે કે હજુ દ્વૈતભાવ છે, ભગવદ્રૂપ નથી થયો! ત્યાં ભગવાનની કૃપા જોઈએ ત્યારે અદ્વૈતભાવ મળે! અને દ્વૈતભાવમાં પણ, જેનાં માટે દેવો, ઋષીઓ કે તપસ્વીઓ તરસે છે.. સર્વસ્વ છોડવા તૈયાર છે, છતાં ન મળે તે રાધાભાવ.. ગોપીભાવ, આત્યંતિક દુર્લભ છે! ગંગાજી કહે છે, કંઈપણ કરો, મને આ ભાવ આપો! કદાચ તે તમારા જેવી ભક્તિથી જ શક્ય છે.

નરસૈંયો એટલું જ કહે, બ્રહ્માદિક જેનો પાર ન પામે, આહીરને દર્શન દીધું રે! આ છે ભક્તિનો ચમત્કાર! આપણું શું થયું છે ખબર છે? ભગવાનને માનીએ છીએ, ભગવાનનું માનીએ છીએ? ના. લોકો પૂછે છે, તેનાથી મળે શું? ઉત્તર છે, સઘળું મળે.. જે જોઈએ તે મળે! ગીતામાં ભગવાનનું કહેલું માની તો જુઓ!

અંતે, સ્તુતિ કરતાં ગંગાજી કહે છે, આ જગતમાં તમારી જ.. ભક્તિની જ કીર્તિ છે. ભક્તિને બીજા કોઈની પુષ્ટિની.. અનુમોદનની આવશ્યક્તા નથી, હોઈ ન શકે. બીજાં તત્ત્વોને ભક્તિનો સાથ જોઈએ, ભક્તિને કોઈનો નહીં. માટે આ સુરસાગર.. તીર્થરાજ પ્રયાગ પર, તમારું જ લાલન-પાલન થાવ. તમારો જ યશોગાન થાવ, સૌ તમારું જ માને, તમારામાં પ્રીતિ રાખે. જય હો!

ગંગાજી પૃથ્વીતટ પર લોકોની મુક્તિ માટે જ પધાર્યાં છે, છતાં કહે છે કે સૌ તમારાથકી જ મુક્ત થાય! જ્ઞાનનો આનંદ તો મળશે જ, ભક્તિનો પણ મળે!

હવે આચાર્ય શ્રીવલ્લભ યમુનાજીને કહે છે.. ..

८ स्तुतिं तव करोति कः कमलजा सपत्निप्रिये
हरेर्यदनुसेवया भवति सौख्यमामोक्षतः।
इयं तव कथाधिका सकलगोपिकासंगम
स्मरश्रमजलाणुभिः सकलगात्रजैः संगमः॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| स्तुतिम् | तव | करोति | कः | कमलजा | सपत्निप्रिये! |
| સ્તુતિ | તમારી | કરે છે | કોણ | ગંગાજી | હે સ્પર્ધકપ્રિયા! |
| हरेः | यत् | अनुसेवया | भवति | सौख्यम् | आमोक्षतः |
| કૃષ્ણની | જે | સહસેવાથી | થાય | આનંદ | મોક્ષપર્યંત |
| इयम् | तव | कथा-अधिका | | सकल गोपिका | संगम |
| આ | તમારી | વિશેષ કથા | | સકળગોપીઓનું | મિલન |
| स्मर-श्रम | | जलाणुभिः | सकलगात्रजैः | | संगमः |
| સ્મરણ-પીડાનાં | | અશ્રુજળથી | સૌ ગાત્રોમાં થતા રોમાંચનો | | મેળાપ |

हे सपत्निप्रिये.. यमुने! तव स्तुति कः करोति? (सपत्नि चरणपद्मजा..) कमलजा.. गंगा। यत् हरेः अनुसेवया आमोक्षतः सौख्यम् भवति। सकल गोपिका संगम, इयम् तव अधिका कथा। (यत्) स्मरश्रम जल-अणुभिः सकलगात्रजैः (रोमहर्षणैः) संगमः॥

હે સ્પર્ધકપ્રિયા યમુનાજી! તમારી સ્તુતિ કરે છે કોણ? (પ્રતિસ્પર્ધી થઈને) કમલજા.. ગંગાજી સ્વયં! જે શ્રીકૃષ્ણની સેવાથી.. ભક્તિથી, મોક્ષપર્યંત.. મુક્તિ સુધીનો (જે અવર્ણનીય અત્યંત) આનંદ.. સુખ થાય છે, (તવ તીરે તે અકલ્પનીય પ્રમોદ પ્રાપ્ત કરનાર) સકલ ગોપીઓનો સંગમ.. મેળાપ, આ તમારી અધિકથા.. વિશેષ ફળશ્રુતિ છે. (ભક્તિની ચરમસીમાએ) જે સ્મરણની પીડાથી.. વિરહનાં દુઃખથી નિતાંત વહેતા અશ્રુજળથી, સૌ ગાત્રોમાં.. અંગોમાં ઉપજતો રોમાંચ.. શરીરી રોમહર્ષનો મેળાપ કરાવે છે. (જે ભાવસમાધિમાં લીન કરે છે.)

૮. સ્તુતિ તવ કરે છે કોણ! ગંગાજી સ્પર્ધીપ્રિયા!
કૃષ્ણની અનુસેવાથી સુખ રહે આમોક્ષતઃ
આ તમારી અધિકથા સકલ ગોપનો મેળ જે
સ્મરણશ્રમનાં અશ્રુથી રોમાંચનોય સંગમ

તાત્પર્ય : સપત્ન એટલે પ્રતિદ્વન્દ્વી.. સ્પર્ધક, વેરી, વિરોધી કે શત્રુ. તેનો નારીવાચી શબ્દ છે, સપત્નિ. કહે છે, હે સ્પર્ધકનાં પ્રિય! તમારા વખાણ કરે છે કોણ? કમલજા.. ચરણપદ્મજા.. સાક્ષાત્ ગંગાજી! સ્તુતિ કેવી.. કયા શબ્દોમાં કરે છે તેનું મહત્ત્વ નથી હોતું, કોણ કરે છે તેનું હોય છે. શત્રુ કે સ્પર્ધક તેમનાં પ્રતિપક્ષીનાં વખાણ કરે? ભાગ્યે જ! મુક્તિ આપવાની સ્પર્ધામાં ઉતરેલાં ગંગાજી જો હૃદય ખોલીને આપની સ્તુતિ કરતાં હોય ત્યાં અમારા જેવાની શું વિસાત?

હવે અંતિમ પદોમાં વિલક્ષણ વાત કહેતાં, આચાર્યશ્રી યમુનાજીનાં.. ભક્તિનાં પરમોચ્ચ અવસ્થાનાં દર્શન કરાવે છે. કહે છે, આપની.. ભક્તિનાં સેવનથી મુક્તિ તો મળતાં મળશે, પણ શ્રીકૃષ્ણની સેવાનો આમોક્ષતઃ.. મુક્તિપર્યંત જે આનંદ મળે છે, તે અવર્ણનીય છે! તે જ પરમસુખ છે કારણ, અલૌકિક છે. તેનાં પ્રથમ અધિકારી ગોપ–ગોપીઓ થયાં. હે યમુનાજી! તમારી સાથે રહીને તેમને પૂર્ણભાવે શ્રીકૃષ્ણની સેવા કરી! તેથી રાસલીલાનો આનંદ પણ માણ્યો! તેવામાં જ પ્રભુ અંતર્ધાન થયાં અને તે પછી તમારી સાથે જ, હરિનાં વિરહનો આનંદ માણ્યો, જે શબ્દાતીત છે! આચાર્યશ્રી કહે છે, જીવનભર આ વિરહને જ તરસવું જોઈએ!

આ જ તમારી અધિકથા છે, વિશેષ.. અલૌકિક ભક્તિનો પ્રતાપ છે, જે બીજે ક્યાંય નથી. કાન્હાનાં મથુરાગમન પછી સાથ રહ્યો માત્ર યમુનાનો.. ભક્તિનો! સ્મર–શ્રમ.. સ્મરણની પીડા! ઘાયલકી ગત ઘાયલ જાણે! સ્મૃતિઓ ક્યારેક અસહ્ય થઈ પડે છે, જલાણુભિઃ.. અશ્રુધારાઓ વહે જાય, સાથે જ સંગમ થાય સકલ ગાત્રજૈઃ.. સકલ ગાત્રોમાં.. પૂર્ણ શરીરમાં ઉત્પન્ન થતાં રોમાંચનો! એ ઉદ્દિપિત રોમહર્ષ જ ગોપ–ગોપીઓને ભાવસમાધિ પ્રાપ્ત કરાવે છે. આ તમારી સંગતિનું ફળ છે, જે ભાવસમાધિમાં લીન.. એકાકાર કરી દે છે, અંતર્યામીનું મિલન કરાવે છે.

જે ક્યારેય વિભક્ત થયાં નહીં, તેમને વિરહ વેદના ક્યાંથી થાય?
વાસ્તવિક, સ્મરણની અશ્રુધારે જ મિલનનો આનંદ અપાર થાય!

९ तवाष्टकमिदं मुदा पठति सुरसुते सदा
समस्तदुरितक्षयो भवति वै मुकुन्दे रतिः।
तया सकलसिद्धयो मुररिपुश्च सन्तुष्यति
स्वभावविजयो भवेद् वदति वल्लभः श्रीहरेः॥

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| तव | अष्टकम् | इदम् | मुदा | पठति | सुरसुते! | सदा |
| તમારું | અષ્ટક | આ | આનંદ | ભણે છે | હે યમુને! | નિત્ય |
| समस्त | दुरित क्षयः | भवति | वै | मुकुन्दे | रतिः | |
| સર્વ | પાપોનો ક્ષય | થાય છે | વળી | શ્રીકૃષ્ણમાં | પ્રીતિ | |
| तया | सकलसिद्धयः | मुररिपुः | च | सन्तुष्यति | | |
| તેનાથી | યમુનાજી | શ્રીકૃષ્ણ | અને | સંતુષ્ટ થાય છે | | |
| स्वभाव | विजयः | भवेद् | वदति | वल्लभः | श्रीहरेः | |
| સ્વભાવ પર | વિજય | થાય છે | કહે છે | વલ્લભ | શ્રીહરિ! | |

हे सुरसुते.. यमुने! इदम् तव अष्टकम् पठति, (सः) सदा मुदा (प्राप्स्यति), समस्त दुरित क्षयः वै मुकुन्दरति भवति। तया सकलसिद्धयः च मुररिपुः संतुष्यति (च) स्वभावे विजयः भवेत् (इति) वल्लभः वदति श्रीहरेः॥

હે સૂર્યપુત્રી યમુનાજી! તમારું આ અષ્ટક જે ભણે છે (તે) સદા મુદા.. આનંદ (પ્રાપ્ત કરશે, તેનાં) સમસ્ત દુરિત.. પાપો નષ્ટ થશે વળી શ્રીકૃષ્ણની પ્રીતિ.. અનુરક્તિ મેળવશે. તેનાથી.. પાઠથી સકલસિદ્ધિરૂપ યમુનાજી અને મુરારિ.. શ્રીકૃષ્ણ સંતુષ્ટ થશે, (તેમજ) સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત થશે, એમ આચાર્ય વલ્લભ કહે છે, શ્રીહરિ.. શ્રીકૃષ્ણ શરણ.

૯. તવ અષ્ટક આનંદે જે ભણીલે હે સુરસુતે!
સમસ્ત દુરિતનો ક્ષય થાય મુકુંદમાં રતિ
તે થકી યમુનાજી અને શ્રીકૃષ્ણયે પ્રસન્ન છે
સ્વભાવે થાશે વિજય કહે વલ્લભ શ્રીહરિ!

તાત્પર્ય : અષ્ટક તો પૂર્ણ થયું, હવે શું કહેવાનું? સમજવાવાળા સમજી ગયા! છતાં અમારા જેવા માટે, એક બારી ખુલ્લી રાખી છે. આશ્વાસન આપે છે કે આ અષ્ટક જે ધ્યાનથી ભણશે, તેનાં સર્વ પાપો નષ્ટ થશે ઉપરાંત, શ્રીકૃષ્ણમાં પ્રીતિ થશે. હવે બીજું જોઈએ પણ શું! વળી તેનાથી સકલસિદ્ધિરૂપ, સર્વોત્તમ યુગલ.. ભક્તિ અને ભગવાન બન્ને પ્રસન્ન.. સંતુષ્ટ થશે. છેલ્લે સૌથી મોટી વાત....

સ્વભાવ પર વિજય પ્રાપ્ત થશે. સાચું, સ્વભાવ જ સૌથી મોટો શત્રુ છે, જે વિરહભાવ મેળવવામાં બાધારૂપ છે! એ સ્વભાવ પર વિજય મેળવવામાં ભક્તિદેવી સહાય કરશે. આ આચાર્ય શ્રીવલ્લભ કહે છે, શ્રીહરિ!

વાસ્તવિક, જીવનમાં સૌ પ્રથમ અને સૌ કરતાં વધારે કનડગત.. બાધક.. વિઘ્નરૂપ હોય તો તે સ્વભાવ છે! ઉપરથી મુશ્કેલી એ કે સૌને એવું લાગે છે, "મારો સ્વભાવ સારો જ છે સુધારવાની કોઈ આવશ્યક્તા નથી, તમે તમારો જુઓ!" આવી પરિસ્થિતિમાં સ્વભાવની ઉણપો દેખાડે તે ગુરુ! તે જ આધ્યાત્મિક દર્પણ!

સ્વભાવ પર વિજય એટલે બીજા બધાંય ભાવ બાજુ પર રહી જાય અને એક "ભક્તિભાવ" સ્વભાવ બની જાય! આવું થશે કે? ભક્તિ વિના ઘણાં જન્મો લાગી જાય, પણ ભક્તિથી જો અંતઃકરણ જાગી જાય તો! આ જન્મે જ!!

વદતિ વલ્લભ શ્રીહરિ! આચાર્યશ્રી કહે છે, હરિનાં.. શ્રીકૃષ્ણનાં પૂર્ણશરણથી તે શક્ય થાય છે, પણ આપણા જીવનની ઘટમાળ જ જુદી છે! આવું બધું શાંતિથી વાંચવાનું, સમજવાનું કે ચિંતન કરવાનું શક્ય નથી, સમય નથી ને સમજ પડતી પણ નથી, તેથી કોઈ કહે તેમ કરીએ છીએ! માળા કહે તો માળા, પાઠ કહે તો પાઠ, સેવા કહે તો સેવા, એવું બધું કરે રાખીએ! ઠાકોરજી જોશે! જે થાય તે!

થશે, વ્યર્થ કંઈ નહીં જાય, પણ જન્મો જશે. જો નામ-જપ કે પાઠ-પૂજા સમજીને કરીશું તો ભક્તિભાવ વધશે, સ્વભાવ પ્રભુપ્રિય થશે! અવધી ઓછી થશે.

.. .. આ પ્રભુ-પ્રસાદી લીધી તો ઠીક, અન્યથા હરિ હરિ! હરે કૃષ્ણ.. ..

# • શ્રીયમુના આરતિ •

મહરાણી યમુના માઁ કૃપાલી ઘનશ્યામા
યોગ પુષ્ટ કરનારાં યોગ સિદ્ધ કરનારાં
યમન કરો મૈયા જય હો જય શ્રીયમુના! ૧

ભાસ્કરતનયા ભારતરમણા પ્રભાવી તવ પ્રભુતા
ભાવભક્તિ ભરનારાં ભાવભુક્તિ ભરનારાં
પ્રભામતિ દો માઁ જય હો જય શ્રીયમુના! ૨

શનિશ્ચર યમરાજ ભગિની ભાંગે ભય ભ્રમણા
અચલ અભયપદ આપે અચલ અમરપદ આપે
સફળ કરે ભવ આ જય હો જય શ્રીયમુના! ૩

શ્રુતિ સ્મૃતિએ વખાણી તુજ હ્રદય કરુણા
તવ શક્તિ કલ્યાણી તવ દૃષ્ટિ કલ્યાણી
કૃપા રહો સર્વદા જય હો જય શ્રીયમુના! ૪

ઋષિરાહ તું મુનિમાર્ગ તું પરમ પ્રેમપંથા
ઘટ ઘટમાં તું વિરાજે ઘાટ ઘાટ તું રાજે
વિચરે આનંદા જય હો જય શ્રીયમુના! ૫

વલ્લભગાને પુષ્ટિપ્રભાવે ભક્તિ વહાવે માઁ
સરસ્વતિ સોહે છે ગંગાજી શોભે છે
સાન્નિધ્યે તારાં જય હો જય શ્રીયમુના! ૬

રાસાનુરાગી વ્રજવિહારિણી તું વ્રજેશવલ્લભા
ભક્તિ અવિચળ સ્થાપો ભક્તિ અવિરત આપો
શ્રીકૃષ્ણ શરણ દો માઁ જય હો જય શ્રીયમુના! ૭

યમુનાજીની આરતી લાવે પ્રશાંતિ જીવનમાં
અમ સુખનું તવ ચરણે અમ દુઃખનું તવ સ્મરણે
શમન કરો ઓ માઁ જય હો જય શ્રીયમુના! ૮

હરે કૃષ્ણ • પ્રશાંત દેસાઈ